# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-10-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ધોલેરા અને કચ્છમાં મેંગ્રોવ રોપણની વન વિભાગની કામગીરીને બિરદાવી છે. આકાશવાણી પર આજે મન કી બાત કાર્યક્રમની 127મી કડીમાં દેશવાસીઓને સંબોધતા શ્રી મોદીએ કહ્યું , ધોલેરા તટ પર આજે સાડા ત્રણ હજાર હેક્ટરમાં મેંગ્રોવ ફેલાઈ ગયા છે. જેથી જીવ સૃષ્ટિ અને માછીમારોને લાભ થયો છે. તેમણે કહ્યું કચ્છ જિલ્લાના કોરીક્રીકમાં મેંગ્રોવ લર્નિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે.

(બાઇટ : PM-MANGROOV)

શ્રી મોદીએ 31 ઓક્ટોબરે સરદાર પટેલની જન્મજયંતીએ એકતાનગરમાં યોજાનાર એકતા પરેડ નિહાળવા અનુરોધ કર્યો. તેમણે આઝાદીની ચળવળમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને પણ યાદ કર્યું. તેમણે ઉમેર્યું , 'ખેડા સત્યાગ્રહ'થી લઈને 'બોરસદ સત્યાગ્રહ' સુધી અનેક આંદોલનોમાં સરદાર પટેલના યોગદાનને આજે પણ યાદ કરવામાં આવે છે.

(બાઇટ : PM-SARDAR PATEL)

મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ ભારતના રાષ્ટ્રગીત- વંદે માતરમ વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે 7 નવેમ્બરના રોજ , દેશ વંદે માતરમની ઉજવણીના 150મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે. ત્યારે શ્રી મોદીએ દરેકને વંદે માતરમનો મહિમા વધારવા માટે પ્રયાસ કરવા અને સાથે સૂચનો મોકલવા વિનંતી કરી.

. . . . . . . . .

# RAJKOT-DELHI FLIGHT

આજના લાભપાંચમના પર્વથી રાજકોટ અને દિલ્હી વચ્ચે આજથી એક સાથે બે નવી ફ્લાઇટ શરૂ થઈ છે. તેની પ્રથમ ફ્લાઈટમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દિલ્હીથી રાજકોટ આવી પહોંચ્યા હતા. શ્રી માંડવિયાએ જણાવ્યું , રાજકોટ દિલ્હી વચ્ચે આ બંને ફ્લાઇટ શરૂ થતાં સૌરાષ્ટ્રના વેપાર અને પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. તેમણે ઉમેર્યું , રાજકોટ સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં હોવાથી સોમનાથ, દ્વારકા સહિતના ધાર્મિક સ્થળો તેમજ પોરબંદર આવતા ઉત્તર ભારતના યાત્રિકોની સુખાકારીમાં વધારો થતા પ્રવાસન ક્ષેત્રે પણ મોટો લાભ થશે.

આજથી એર ઇન્ડિયા અને ઇન્ડિગોની એમ કુલ બે નવી ફ્લાઇટ શરૂ થઈ છે. એર ઇન્ડિયાની ફ્લાઈટ અઠવાડિયામાં બુધવાર સિવાય તમામ દિવસ એટલે કે અઠવાડિયામાં છ દિવસ સવારે ઉડાન ભરશે તથા ઈન્ડિગોની ફ્લાઇટ દરરોજ ઉડાન ભરશે.

. . .

# CM MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, 'વિકસિત ગુજરાત'ના નિર્માણ માટે 'વિકાસ અને વિરાસત'નું સંતુલન અનિવાર્ય છે. મહેસાણા જિલ્લાના ગોઝારિયા ખાતે શતચંડી મહાયજ્ઞમાં ઉદબોધન કરતાં શ્રી પટેલે જણાવ્યું , ધર્મ સાથેનું વિજ્ઞાન હોય તો ગમે તે મુકામ પર પહોંચી શકાય. તેમણે કહ્યું તાજેતરમાં મહેસાણામાં યોજયેલી ઉત્તર ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ત્રણ લાખ કરોડથી વધુનું રોકાણ થયું અને 1200થી વધુ સમજૂતી કરાર-MOU થયા છે.

. . . . . . . . . . .

# WEATHER

અરબસાગરમાં ડિપ્રેશન સક્રિય થતા હવામાન વિભાગ દ્વારા આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ અને પોરબંદર , જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ, અરવલ્લી, ખેડા, આણંદ, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

જ્યારે આવતીકાલ 27 ઓક્ટોબરે અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં ભારેથી અતિ ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ અને કચ્છ , બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, ખેડા, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ભાવનગર, બોટાદ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

આ આગાહીને પગલે ભરૂચ જિલ્લાના તમામ નવ તાલુકામાં ગઇકાલે મોડી રાતે વરસાદ વરસતા ખેતીના પાકને વ્યાપક નુકસાનની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તો પંચમહાલ જિલ્લામાં ગોધરા શહેર સહિત સમગ્ર જિલ્લામાં માવઠું થતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. તો ભાવનગરના મહુવામાં પણ ગઇકાલે મોડી રાતે દોઢ ઇંચ જ્યારે છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના પાનવાડ પંથકના રૂમડીયા વાંટડા , કનલવા, સિંહાદા સહીતના વિસ્તારમાં વહેલી સવારે ધીમી ધારે કમોસમી વરસાદ થયાના અહેવાલ છે.

. . . . . . .